Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર • કીડની • કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal ONCOLOGY • CHEMOTHERAPY NEPHROLOGY • TRANSPLANT VIROLOGY • HIV • NEUROLOGY EMERGENCY • ICU • LIFE SAVING INFERTILITY • GYNECOLOGY BLOOD PRODUCTS • ORTHO RHEUMATOLOGY • VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ • અંક : ૧૯ • સળંગ અંક : ૧૦૫૭ • પ્રકાશિત તા-૧૨-૩-૨૦૨૫,બુધવાર • RNI : GUJGUJ/2004/16263 • GAMC NO. :1473/2014-16 • કિંમત ૧/-રૂા. • કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 • કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# અમદાવાદમાં એક જ સપ્તાહમાં ૪ પોલીસકર્મીઓના મોત, પોલીસ બેડામાં શોક

ગુજરાતમાં હાર્ટ એટેકના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યાં છે. હોર્ટ એટક શબ્દનો ઉપયોગ વારંવાર કરવો પડે અને એ પણ મોટેભાગે અજુગતી ઘટનામાં. હવે નાની ઉમરે હૃદયના ધબકારા બંધ થઈ જાય છે. કોઈ વ્યક્તિ અચાનક ચિર નિંદ્રામાં પોઢી જાય છે. ગુજરાતના અનેક સ્થળોથી રોજે રોજ એવા કિસ્સા સામે આવી રહ્યાં છે. ત્યારે તાજેતરમાં અમદાવાદમાં બીમારીના કારણે વિજય પાંડવનું મૃત્યુ થયું હતું. જેમાં પોલીસ કર્મચારીનું બીમારીના કારણે મૃત્યુ થયું હતું.પોલીસકર્મચારી છેલ્લા ઘણા દિવસથી બીમાર હતા. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૭ જ દિવસમાં ૪ પોલીસકર્મીઓની મોતની ઘટનાથી પોલીસ બેડામાં શોકનો માહોલ છવાયો છે. ૩ પોલીસ કર્મચારીઓનું હાર્ટ એટેકથી અને એકનું બીમારીના કારણે મોત નિપજ્યું છે.

મળતી માહિતી અનુસાર, અમદાવાદના ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા. હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ બચુભાઈને અચાનક હાર્ટએટેક આવ્યો હતો, સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નિપજ્યું હતું.પીઆઈ આર.એલ. ખરાડી હાલમાં ડીજી ઓફિસમાં કાર્યરત હતા, ત્યારે તેમને અચાનક હાર્ટ એટેક આવ્યો અને સારવાર મળે તે પહેલાં જ તેમનું નિધન થયું હતું. પીઆઈના નિધનથી પોલીસ દળ અને પરિવારમાં શોક છવાઈ ગયો હતો.અમદાવાદના ગોમતીપુર હેડક્વાર્ટરમાં પરેડ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ અર્જુન સિંહનું હાર્ટ એટેકથી નિધન થયું હતું. તેમને પરેડ દરમિયાન છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેના કારણે તે ઢળી પડ્યા હતા, ઘટનાસ્થળે પોલીસ કર્મીઓ દ્વારા સીપીઆર આપીને તેનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. બદલાતી જીવનશૈલી, બદલતાના ખાન પાનને કારણે છેલ્લા ૨૦ વર્ષમાં ભારતમાં હાર્ટ એટેકના કેસની સંખ્યા બમણી થઈ ગઈ છે અને હવે વધુ યુવાનો તેનો શિકાર બની રહ્યા છે. તેથી, જીવનશૈલી અને ખાનપાન પર ધ્યાન આપવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
• મુગટ • ગાદી સેટ • પારણાં • સિંહાસન • મોરલી • કુંડળ
માતાજીનો શણગાર • ફેન્સી ચુંદડી • પવિત્રા • લેટેસ્ટ હાર • સ્પે. અત્તર
• સુગંધીદાર અગરબત્તી • ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430



કુશ કલીનીક
Mo : 7698434883
ડો. અભિષેક બી. ગોહેલ
(B.H.M.S.,C.M.S.E.D.,C.F.N.,C.C.H)
(ફેમીલી ડોક્ટર)
ઉપલબ્ધ સુવિધાઓ અને સારવાર
- હૃદયના રોગો-બીપી, છાતીમાં દુખાવો, ગભરામણ
- ફેફસાના રોગો-દમ, ન્યુમોનિયા(કફ), શ્વાસની સારવાર
- એન્ડોક્રાઈન રોગો- ડાયાબીટીસ, થાઈરોઈડ
- આંતરડાના રોગો-પેટનો દુખાવો, એસીડીટી, ઝાડા-મરડો
- કીડનીના રોગો-પથરી, કીડનીનો સોજો
- દરેક પ્રકારના તાવ-મેલેરીયા, ટાઈફોઈડ, વાયરસ, ડેન્ગ્યુ, વા, ચીકનગુનીયા, સાંધાના દુખાવાની સારવાર
- ચામડીના રોગો-ખસ, ધાધર, ખાજ, ખરજવુ, ચામડીની એલર્જી, ખીલ, સોરયાસીસ, હર્પિસ વગેરે
ઉપલબ્ધ સુવિધાઓ
ડાયાબીટીસ માપવાનું મશીન (ગ્લુકોમીટરની સુવિધા)
પલ્સ ઓક્સીમીટરમાં પ્રાણવાયુ અને ધબકારા માપવાના મશીનની સુવિધા
ECGની સુવિધા
નેબ્યુલાઈઝર (નાશ) આપવાની સુવિધા
૨૯/૪, બ્રહ્મક્ષત્રીય સોસાયટી, આસોપાલવ શોરૂમની પાછળ, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
(સમય - સવારે-૧૦ થી બપોર ૧૨ સુધી, સાંજે ૫ થી રાત્રે ૯ સુધી)
રાહત દરે સેવા : રામેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ, નિર્ણયનગર
(સવારે ૮ થી ૧૦, સોમ થી શનિ)

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## સીસીટીવી કેમેરા લગાવવા માટે માંગ

# પૂર્વ રિવરફ્રન્ટ પર સીસીટીવી કેમેરાના અભાવે ગુનાખોરી વકરી..!!

અમદાવાદ : અમદાવાદ શહેરમાં પશ્ચિમની સરખામણીમાં પૂર્વ રિવરફ્રન્ટ પર સાત કિલોમીટરની જગ્યા એક પણ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા નથી. ડફનાળાથી આંબેડકરબ્રિજ સુધીના પૂર્વ રિવરફ્રન્ટમાં સીસીટીવી કેમેરા લગાવેલા નથી જેના લીધે પોલીસ ગુનાનો ભેદ ઉકેલી શકતી નથી. પોલીસે મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનને અનેક પત્ર લખીને સીસીટીવી કેમેરા લગાવવા માટે માંગ કરી છે. દેશ અને દુનિયામાં પ્રખ્યાત થયેલો સાબરમતસ રિવરફ્રન્ટ આજે અમદાવાદની એક ઓળખ બની ચૂકયો છે. સાબરમતી નદી રિવરફ્રન્ટ પર હજારો સહેલાણીઓ ફરવા માટે આવે છે. રિવરફ્રન્ટ પર બનેલા ફલાવર પાર્ક, અટલબ્રિજ સહિતની જગ્યા પર લોકો ફરવા માટે આવે છે. રિવરફ્રન્ટ પર સંખ્યાબંધ સરકારી કાર્યક્રમ, ગરબા સહિતના આયોજનો પણ થાય છે. અમદાવાદની શાન કહેવાતા રિવરફ્રન્ટમાં સીસીટીવીનો અભાવ જોવા મળી રહ્યો છે. શહેરની મધ્યમમાંથી વહેલી સાબરમતી નદી નદીના બે છેડે રિવરફ્રન્ટ વેસ્ટ એમ બે નામ આપવામાં આવ્યા છે. રિવરફ્રન્ટ વેસ્ટ પર ફલાવર પાર્ક, અટલબ્રિજ તેમજ ખાણીપીણીના સ્ટોલ હોવાના કારણે સહેલાણીઓની સુરક્ષાને લઈને રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરે છે જ્યાં ઠેર-ઠેર સીસીટીવી કેમેરા લગાવી દેવાયા છે જયારે રિવરફ્રન્ટ ઈસ્ટમાં કોઈ ફરવાલાયક સ્થળ ન હોવાથી તેના પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. રિવરફ્રન્ટ ઈસ્ટ નશેડીઓ તેમજ લુખ્ખાં તત્ત્વોનો અડ્ડો બની ગયો છે. આ સિવાય રસ્તે રખડતા લોકો અહીં મોડી રાતે સૂઈ જાય છે. રિવરફ્રન્ટ ઈસ્ટમાં તંત્ર દ્વારા કોઈ સીસીટીવી કેમેરા લગાવેલા નથી જેના કારણે પોલીસને હાલાકીનો સામનો કરવો પડે છે. રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને પત્ર લખીને સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરવામાં આવી છે તેમ છતાંય હજુ સુધી એક પણ સીસીટીવી કેમેરા લગાવાયા નથી. રિવરફ્રન્ટ પૂર્વના વોકવે, ગ્રાઉન્ડ તેમજ રોડ પર કોઈ અનિચ્છનીય બનાવ બને તો પોલીસને પૂરતા પૂરાવામળી રહે તેમજ અશ્લીલ ચેનચાળા કરતા યુવાનો અને જાહેરમાં બીભત્સ હરકતો કરતા કપલો પર લગામ લગાવી શકાય તે માટે સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આત્મહત્યાના બનાવો રોકવા માટે લાખો રૂપિયાના ખર્ચે બ્રિજ પર જાળી લગાવી દેવામાં આવી છે. જેના કારણે [illegible] લોકો સાબરમતી રિવરફ્રન્ટ વોકવે પરથી છલાંગ લગાવી આત્મહત્યા કરે છે. ત્યારે બીજી તરફ રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ પર જાહેરમાં પોલીસે સીસીટીવી કેમેરા લગાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન અને રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનને પત્ર લખ્યા બીભત્સ હરકતો કરતા કપલને રંગેહાથ પકડવા માટેની કામગીરી પોલીસે શરૂ કરી છે. આવા અનેક કિસ્સાના કારણે રિવરફ્રન્ટ દિવસેને દિવસે ગુનાખોરીને લઈને ખતરનાક બનતો જાય છે. તેવામાં સાબરમતી રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે સીસીટીવી લગાવવા માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનને દરખાસ્ત કરી છે. રિવરફ્રન્ટ પૂર્વમાં હાઈડેફિનેશન તેમજ નાઈટ વિઝનના કેમેરા લગાવવા માટે એએમસીને પત્ર લખ્યો છે. રિવરફ્રન્ટ પર થોડા થોડા સમયે હુમલો, છેડતી, મારામારી જેવા અનેક કિસ્સા બની રહ્યા છે. આવી ઘટનાઓના ભેદ આસાનીથી ખુલી જાય અને પૂરતા પુરાવા પોલીસને મળી જાય તે માટે સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરી છે. પોલીસે રિવરફ્રન્ટ ઈસ્ટમાં ૫૦થી વધુ સીસીટીવી કેમેરા લગાવવા માટેની માંગ કરી છે. પોલીસને સાચી હકીકત મળતી ન હોવાથી સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરી છે.

# GHBના મકાનો અપાવવાના નામે છેતરપિંડી કરનાર ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ

અમદાવાદ : ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો અપાવવાના નામે પૈસા લઈને છેતરપિંડી કરનાર ત્રણ શખ્સો વિરુદ્ધ આનંદ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. શાસ્ત્રીનગર ખાતે હાઉસિંગ બોર્ડનું મકાન અપાવવાનું કહી ત્રણેય શખ્સોએ હાઉસિંગ બોર્ડની પેમેન્ટ રિસિપ્ટ અને ફાળવણી લેટર પણ આપ્યો હતો. ત્રિપુટી દ્વારા અન્ય પક્ષો સાથે પણ છેતરપિંડી કર્યું હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ચાંદલોડિયા વિસ્તારમાં ઘનશ્યામ કોમ્પ્લેક્સમાં ભાડે રહેતા અને કલરનું કામકાજ કરતા રવિભાઈ ભારદ્વાજ શર્મા વર્ષોથી અમદાવાદમાં રહે છે. ૧૫થી ૨૦ લાખ રૂપિયા સુધીના બજેટમાં મકાન તેઓ શોધતા હતા. તે દરમિયાનમાં એક આર્કિટેકના ત્યાં નોકરી કરતા વંદન ગજ્જર નામના વ્યક્તિ સાથે તેઓની ઓળખાણ થઈ હતી. તેઓએ કહ્યું હતું કે, મિત્ર વંદિત શાહ, વિશાંત શાહ અને પૂર્વ શાહ જેવોના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં સારા સંબંધો છે અને મકાન લે-વેચનું કામ કરે છે. આનંદ નગર રોડ પર ટાઈટેનિયમ સિટી સેન્ટર ખાતે આવેલી વંદિત શાહની ઓફિસે તેઓ ગયા હતા. સાયન્સ સીટી અને શાસ્ત્રીનગર જેવા વિસ્તારમાં આવેલા હાઉસિંગ બોર્ડના મકાનો ૧૮ લાખમાં મળે છે જો કોઈ સ્ત્રીના નામે લો તો ૧૭ લાખમાં મળે છે તેવું કહ્યું હતું. મકાન લેતી વખતે એક લાખ રૂપિયા આપવા પડશે જેની પેમેન્ટ રસીદ મળશે, ત્યારબાદ ત્રણ લાખ રૂપિયા ભરવાના રહેશે. જે બાદ મકાન મળી જશે અને ત્યારબાદ લોન કરાવવાની રહેશે તેવું જણાવ્યું હતું. જેથી આ અંગે એક લાખ રૂપિયા આપ્યા હતા અને જેની તેમને રિસીપ્ટ પણ આપી હતી. ત્યારબાદ બીજા લાખ રૂપિયા રોકડા આપ્યા હતા જે આપ્યા બાદ તેમણે નાયબ કમિશનર ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન ફાળવણીનો લેટર પણ આપ્યો હતો. લોન અંગેની પ્રોસેસ કહેતા તેઓએ માત્ર ૧૨ લાખની લોન થશે એક લાખ રોકડા આપવા પડશે એવું કહ્યું હતું. જે બાદ અવારનવાર ફોન કરતા ફોન ઉપાડ્યો ન હતો અને જયારે ઓફિસે ગયા તો ઓફિસ પણ બંધ હતી.

ઓફિસે અન્ય વ્યક્તિ મળી આવતા તેમની પાસેથી પણ પાંચ લાખ રૂપિયા લીધા હોવાનું સામે આવ્યું હતું. આમ ત્રણેય લોકો દ્વારા લોકોને ગુજરાત હાઉસિંગ બોર્ડમાં મકાન અપાવવાના નામે પૈસા પડાવીને છેતરપિંડી કરાતી હોવા અંગેની ફરિયાદ આનંદ નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. જેને લઈને પોલીસે હાલ વધુ તપાસ શરૂ કરી છે.

# ભીમ આર્મી, ગુજરાત પ્રદેશ દ્વારા રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપવાની જાહેરાત



અમદાવાદ : ભીમ આર્મી, ગુજરાત પ્રદેશ દ્વારા ગત તા.૧૦/૦૩/૨૦૨૫ ને સોમવારના રોજ રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મૂર્મુજીને ગુજરાત રાજયના રાજયપાલ મારફત એક આવેદનપત્ર આપવામાં આવ્યું, આ આવેદનપત્ર દ્વારા ભુવનેશ્વરમાં ભીમ આર્મી સંસ્થાપક અને સાંસદ શ્રી ચંદ્રશેખર આઝાદ પર થયેલા હિંસક હુમલા સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવા અને ઢ+ સુરક્ષા આપવા માટે માગ કરવામાં આવી હતી.આ પ્રસંગે અમદાવાદ કલેક્ટર ઓફિસ ખાતે ભીમ આર્મી, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ કમલેશ ધવલ અને મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.


ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

### રીડેવલપેન્ટમાં એલઆઈજી અને ઈડબલ્યુએસ ટાઈપના

# હાઉસિંગ બોર્ડના મકાનોમાં ૫૦ ચોરસ મીટરની માંગ ઉઠી

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ખાનગીમાં અનેક સોસાયટીઓ રીડેવલપમેન્ટની દિશામાં આગળ વધી રહી છે ત્યારે હાઉસીંગ બોર્ડની અનેક કોલોનીઓમાં છેલ્લાં એકાદ-બે વર્ષોથી થોડીક જાગૃતિ આવી હોય તેવું જણાઈ રહ્યું છે. પરંતુ આ જાગૃતિ ચોક્કસ પ્રકારની કોલોનીઓમાં આવી હોય તેવું જણાઈ રહ્યું છે.સરકારની રીડેવલપેન્ટ પોલીસીનો ખરેખર જેને લાભ મળવો જોઈએ એવી એલઆઈજી અને ઈડબલ્યુએસ ટાઈપના મકાનધારકોને લાભ મળ્યો નથી, જેથી એલઆઈજી અને ઈડબલ્યુએસ ટાઈપના મકાનધારકોને પોલીસી મુજબ વધુમાં વધુ ૩૦ ચોરસ મીટર કાર્પેટ એરિયા મળે છે એના બદલે ૫૦ ચોરસ મીટર મળે તેવી માંગ ઉઠી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં રીડેવલપમેન્ટ પોલીસી લાવી છતાં ૨૦૧૬ થી ૨૦૨૨ સુધી માત્ર આંગળીના વેઢે ગણાય શકાય તેટલી હાઉસીંગ કોલોનીઓ રિડેવલપમેન્ટ પોલીસી જોડાઈ હતી.પરંતુ છેલ્લાં ૨૦૨૨થી ૨૦૨૫ હાલમાં સુધી અનેક સોસાયટીઓ રીડેવલપમેન્ટ પોલીસી લાભ લઈ અનેક કોલોનીઓ(સોસાયટી) જોડાઈ ચુકી છે, અનેક સોસાયટીઓ જોડવવા તત્પર છે, પરંતુ હાઉસિંગ બોર્ડની જર્જરિત એવી અનેક એલઆઈજી અને ઈડબલ્યુએસ ટાઈપની કોલોનીઓ હજુ સુધી રીડેવલપમેન્ટમાં જોડાઈ નથી કારણ કે એલઆઈજી અને ઈડબલ્યુએસ ટાઈપના મકાનધારકો જેમ કે નારણપુરામાં શ્રીનગર એપાર્ટમેન્ટ, શિવનગર કે નવા વાડજમાં આવેલ હરિઓમ એપાર્ટમેન્ટ અને ગગનવિહાર એપાર્ટમેન્ટ જેવી અનેક હાઉસિંગ બોર્ડની જર્જરિત કોલોનીઓના રહીશો રીડેવલપમેન્ટમાં જોડાવવા તૈયાર નથી, જેનું મુખ્ય કારણ સરકારની વર્તમાન પોલીસી મુજબ તેઓને ૪૦ ટકા વધુ બાંધકામ અથવા તો વધુમાં વધુ ૫૦ ચોરસ મીટર મળવા પાત્ર છે, પરંતુ હાલની પરિસ્થિતિ મુજબ મકાનધારકોએ મોટા મોટા બાંધકામ તાણી બેઠા છે, રીડેવલપમેન્ટ બાદ તેઓને વધુમાં ૫૦ ચોરસ મીટર કાર્પેટ એરિયા મળી શકે છે, જેથી એલઆઈજી અને ઈડબલ્યુએસ ટાઈપની અનેક કોલોનીઓ જોડાવવા તૈયાર નથી.અને આખરે જર્જરિત બાંધકામમાં જીવના જોખમે વસવા મજબૂર બની રહ્યા છે.

ગુજરાત હાઉસિંગ વસાહત મંડળના પ્રમુખ દિનેશભાઈ બારડ જણાવે છે કે હાલની પરિસ્થિતિ અને સંજોગો અને વિકાસની સાથે આજના સંજોગોને ધ્યાનમાં રાખી તથા મકાનની ઓછામાં ઓછી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રીડેવલપમેન્ટ યોજનામાં સરકારની સંસ્થાઓ દ્વારા થતું રીડેવલપેમેન્ટ જેમ કે ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોમાં રીડેવલપમેન્ટમાં જે કારપેટે એરિયા જુનો જે આપેલો તે સમયની જરૂરિયાત હતી. આજે સમય બદલાઈ ગયો છે એટલે આટલા સમયમાં જ્યારે મકાનોનુ રીડેવલપમેન્ટ થઈ રહ્યું હોય ત્યારે ઓછામાં ઓછું કારપેટ એરિયા ૫૦ ચોરસ મીટર આપવું જોઈએ કે જે હાલમાં પોલીસી પ્રમાણે ૩૦ ચોરસ મીટર છે તે ઘણું જ નાનું મકાન મળે છે. જે રહીશ છેલ્લા ૪૦ થી ૫૦ વર્ષ રહેતો હોય અને આટલા વર્ષો પછી પણ જો એને રીડેવલપમેન્ટમાં પ્રમાણસર મકાન ના મળે તો તેનો કોઈ અર્થ નથી અને જો ૫૦ ચોરસ મીટર કારપેટ એરીયા પ્રમાણે મળે તો ઘણી બધી યોજનાઓ તેમાં સફળતાપૂર્વક જોડાઈ શકે તેમ છે.અમારી સરકારશ્રી અને હાઉસિંગ કમિશનર પાસે અમારી રજૂઆત છે તો ઓછમાં ઓછુ ૫૦ ચોરસ મીટર કારપેટ એરિયા મળવો જોઈએ.

# નવાવાડજની ૪૪ વર્ષ જૂની આ સોસાયટીના રિડેવલપમેન્ટને હાઈકોર્ટની મંજૂરી

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : અમદાવાદમાં ઘણી જૂની સોસાયટીઓનું રિડેવલપમેન્ટ થઈ રહ્યો છે પરંતુ ઘણી વખત સોસાયટીના સભ્યો દ્વારા આ રિડેવલપમેન્ટના કામમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. નિયમ પ્રમાણે સોસાયટીના ૭૫ ટકા સભ્યો સંમત હોય તો રિડેવલપમેન્ટને મંજૂરી મળે છે. પરંતુ ઘણા કિસ્સામાં તો એકાદ-બે સભ્યો દ્વારા પણ વાંધો ઉઠાવવામાં આવતો હોય છે અને આખો મામલો કોર્ટમાં પહોંચે છે. ગુજરાત હાઈકોર્ટમાં આવા ઘણા કેસ આવતા રહે છે. હાલમાં જ ગુજરાત હાઈકોર્ટે નવા વાડજ વિસ્તારમાં આવેલા ૪૪ વર્ષ જૂના એપાર્ટમેન્ટના રિડેવલપમેન્ટ કેસનો ચૂકાદો આપ્યો છે. નવા વાડજમાં આવેલ લાલભાઈ એપાર્ટમેન્ટના ૪૪ સભ્યોમાંથી ચાર સભ્ય દ્વારા રિડેવલપમેન્ટ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, પરંતુ ગુજરાત હાઈકોર્ટે તે સભ્યનો વાંધો ફગાવી દીધો હતો

અમદાવાદ મીરરના રિપોર્ટ મુજબ, ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે નવા વાડજમાં આવેલ લાલભાઈ એપાર્ટમેન્ટ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના રિડેવલપમેન્ટને સોસાયટીના ૪૮માંથી ૪ સભ્યોએ ઉઠાવેલા વાંધાને બાજુ પર મૂકીને મંજૂરી આપી છે. વાંધો ઉઠાવનારાઓએ દાવો કર્યો હતો કે બિલ્ડરે રિડેવલપમેન્ટની પ્રક્રિયા દરમિયાન ફ્લેટનો કબજો તૃતીય પક્ષ કરે તો ઓછી બેંક ગેરેંટી અને ભાડાની ચૂકવણી ન થઈ શકે.હાઈકોર્ટે અવલોકન કર્યું કે વાંધો ઉઠાવનારાઓએ આ શરતો સભ્યોના હિત માટે કેવી રીતે પ્રતિકૂળ છે તે સમજાવવા માટે કોઈ એફિડેવિટ દાખલ કરી નથી. ઉપરાંત, એવા કોઈ પુરાવા નથી કે અન્ય કોઈ ડેવલપરે વધુ સારી ઓફર કરી હોય અથવા તેઓ વર્તમાન બિલ્ડર કે જેમને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેના કરતાં વધુ સારી ઓફર સુરક્ષિત કરવાના પ્રયાસો કર્યા હતા.

ન્યાયમૂર્તિ મૌના ભટ્ટે નોંધ્યું હતું કે, "આ કોર્ટના અભિપ્રાયમાં, માત્ર વાંધા ખાતર, એફિડેવિટ દાખલ કર્યા વિના અથવા રેકોર્ડ પર વિપરીત પુરાવા મૂક્યા વિના મૌખિક રજૂઆતો કરવામાં આવે છે." બેન્ચે અવલોકન કર્યું હતું કે સોસાયટીએ ગુજરાત ઓનરશિપ ઓફ ફ્લેટ એક્ટ, ૨૦૧૮ (GOFA એક્ટ) ની કલમ ૪૧A હેઠળ ગણાયેલી શરતોનું પાલન કર્યું છે, જેમાં ૭૫ ટકાથી વધુ સભ્યોની સંમતિ, બિલ્ડિંગની ઉંમર ૨૫ વર્ષથી વધુ હોવી અને બાંધકામ જર્જરિત હોવું જરૂરી છે, અન્ય પરિબળો સિવાય.

"તે વિવાદમાં નથી કે એપાર્ટમેન્ટ્સનું બાંધકામ ૨૫ વર્ષથી વધુ જૂનું છે," કોર્ટે નોંધ્યું કે, તેની જર્જરિત સ્થિતિને ૩૦ માર્ચ, ૨૦૨૪ ના સ્ટ્રક્ચરલ એન્જિનિયર્સના અહેવાલ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની એક નોટિસ દ્વારા બાંધકામને રહેવાસીઓ માટે જોખમી જાહેર કરવામાં આવ્યું હતું.

**શું હતો સમગ્ર કેસ**

HC સોસાયટી દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં દલીલ કરવામાં આવી હતી કે તે ૧૯૮૧ માં બાંધવામાં આવ્યું હતું અને હાલમાં જર્જરિત સ્થિતિમાં છે, જેના કારણે AMCએ તેને નોટિસ ફટકારી હતી. તેથી, સોસાયટીએ એક ઠરાવ પસાર કર્યો અને યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા પછી બિલ્ડર સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. ચાર સભ્યો સિવાયના તમામ ૪૪ સભ્યોએ પુનઃવિકાસ માટે સંમતિ આપી હતી. આ ચારેય સભ્યોએ કોઈ પણ વાજબી કારણ વગર બિલ્ડર પાસેથી રૂ. ૯ કરોડની બેંક ગેરંટી માંગી હતી અને ભાડા અંગેની એક કલમ સામે વાંધો ઉઠાવ્યો હતો. હાઈકોર્ટે તમામ પક્ષકારોને સાંભળ્યા અને અરજીને મંજૂરી આપી, જ્યારે વાંધો ઉઠાવનારાઓને શાંતિપૂર્ણ ખાલી જગ્યા આપવાનો આદેશ આપ્યો.

# કેનેડાના નવા PMનો ઈમિગ્રેશન પ્લાન કેવો છે ?ઈન્ડિયન્સને શું અસર થશે?

અમદાવાદ : કેનેડાની સત્તારૂઢ લિબરલ પાર્ટીના નેતા અને આગામી વડાપ્રધાન માર્ક કાનીનું કહેવું છે કે જ્યાં સુધી કેનેડામાં ઈમિગ્રેશન કોવિડ-૧૯ પેન્ડેમિક પહેલાના લેવલ સુધી ન પહોંચી જાય ત્યાં સુધી તે ઈમિગ્રેશન પર નિયંત્રણો યથાવત રાખશે. તેની સાથે સાથે તેમણે તે પણ કહ્યું છે કે તેઓ ભારત સાથે સંબંધો ફરીથી મજબૂત કરવાનો પ્રયાસ કરશે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો વણસ્યા હતા પરંતુ કાની હવે આ સંબંધોને પહેલા જેવા બનાવવા માટે આતુર છે. કાની ઈમિગ્રેશન અંગે જે પણ નિર્ણયો લેશે તેની ચોક્કસથી ઈન્ડિયન્સ પર અસર પડશે. ફેબ્રુઆરી ૨૦૨૫માં મોન્ટ્રીયલમાં પોતાની પ્રથમ લિડરશિપ ડિબેટમાં કાનીએ તેમના ઈકોનોમિક અને હાઉસિંગ પ્લાન્સની રૂપરેખા આપી હતી. તેમણે કહ્યું હતું કે, તેમની સરકાર અમેરિકા પર નિર્ભરતા ઘટાડવા માટે હાઉસિંગ, ક્લીન એનર્જી અને નવા ટ્રેડ રૂટ પર ખર્ચ વધારશે. જ્યારે કોરોના રોગચાળા પહેલાના સ્તર સુધી ન પહોંચી જાય ત્યાં સુધી તેઓ ઈમિગ્રેશન પર નિયંત્રણ યથાવત રાખશે. જોકે, આ સિવાય તેમણે ઈમિગ્રેશન અંગે બીજી કોઈ વાત કરી ન હતી.

જોકે, કેનેડા સ્થિત ઈમિગ્રેશન એનાલિસ્ટ દર્શન મહારાજે બિઝનેસ સ્ટાન્ડર્ડ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કાનીએ અત્યાર સુધી ઈમિગ્રેશનના મુદ્દા પર વધારે વાત કરી નથી. તેથી એવી શક્યતા વધારે છે કે તેઓ વર્તમાન પોલિસીને વળગી રહેશે અને તેમાં કોઈ ફેરફાર નહીં કરે. હાલમાં કેનેડા માટે સૌથી મોટો મુદ્દો અમેરિકા સાથેનું ટેરિફ વોર છે અને તેથી તેઓ કદાચ ઈમિગ્રેશનના મુદ્દાને હાલ પૂરતો દૂર રાખવા ઈચ્છે છે. પોતાના વિજયી ભાષણમાં કાનીએ ઈમિગ્રેશનના મુદ્દા અંગે ચર્ચા કરવાનું ટાળ્યું હતું પરંતુ તેમણે ડોનાલ્ડ ટ્રમ્પના ટ્રેડ વોરનો જવાબ આપ્યો હતો.

અમેરિકન સ્થિત લૉ ફર્મ ફ્રેગોમેનના પાર્ટનર જેક કિમે જણાવ્યું હતું કે, ટેરિફના કારણે કેનેડામાં કામ કરતાં અને અભ્યાસ કરતાં ઈન્ડિયન્સ સહિત તમામ રેસિડેન્ટ્સની કોસ્ટ ઓફ લિવિંગમાં વધારો થશે. ચોક્કસ ઈન્ડસ્ટ્રીઝમાં ટેરિફ અને વળતી ટેરિફના કારણે ઘણા લોકોની જોબ જઈ શકે છે અથવા તો રેવન્યુ ઘટી શકે છે. આ ઉપરાંત જોબની તકો પણ ઘટી જશે. જોકે, કિમે કહ્યું હતું કે, ઈમિગ્રેશન પર નિયંત્રણોને ટેરિફ સાથે કોઈ સીધી સંબંધ નથી. ટેરિફના કારણે ઈમિગ્રેશન અથવા તો પરમેનેન્ટ રેસિડેન્સ પાથવેને વધારે અસર નહીં થાય, પરંતુ તેનો આધાર ૨૦૨૫માં કેનેડાની આર્થિક પરિસ્થિતિ કેવી છે તેના પર રહેલો છે.

બીજી તરફ કાનીએ જસ્ટિન ટ્રૂડોના અંતિમ કાર્યકાળ દરમિયાન ભારત સાથે બગડેલા સંબંધો સુધારવા માટેનો સંકેત આપી દીધો છે. તેમના ઈલેક્શન પહેલા કાનીએ કેનેડા પર અમેરિકાની ટેરિફ અંગે મીડિયા સાથે વાતચીત કરી હતી અને કહ્યું હતું કે, કેનેડા સમાન વિચારધારા ધરાવતા દેશો સાથેના પોતાના વેપારી સંબંધોમાં વૈવિધ્યીકરણ લાવવા ઈચ્છે છે, અને ભારત સાથેના સંબંધોને ફરીથી મજબૂત બનાવવાની તકો છે. ઉલ્લેખનીય છે કે સંબંધો સુધારવાના કેનેડાના કોઈપણ પ્રયાસનું ભારત સ્વાગત કરે તેવી શક્યતા છે, ખાસ કરીને એટલા માટે કેમ કે ટ્રમ્પની ટેરિફ ધમકીઓ બંને દેશોને અસર કરે છે. કેનેડામાં ઈન્ડિયન ઈમિગ્રન્ટ્સની સંખ્યા વધી રહી છે અને તેના કારણે ભારત નવી સરકાર પર ઈમિગ્રેશન રિસ્ટ્રિક્શન્સ અને વિઝા પોલિસીસ પર પણ દબાણ કરી શકે છે.


સપ્ટેમ્બર ૨૦૨૩માં ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો સૌથી ખરાબ થઈ ગયા હતા. ત્યારે વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ઈન્ડિયન એજન્ટ્સનો હાથ હોવાનો આક્ષેપ મૂક્યો હતો. જેના ભારતે સખત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો અને આ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. બંને સરકારોએ ટોચના ડિપ્લોમેન્ટ્સને હાંકી કાઢ્યા હતા અને કેનેડાએ અર્લી પ્રોગ્રેસ ટ્રેડ એગ્રીમેન્ટ અંગેની વાટાઘાટોને મુલતવી રાખી હતી.

# અમદાવાદમાં જોખમી કેનાલ પર સુરક્ષા વ્યવસ્થા વધારાશે

અમદાવાદ : સોશિયલ મીડિયામાં ફેમસ થવા માટે આજે યંગસ્ટર્સ કોઈ પણ હદ સુધી જવા માટે તૈયાર છે. સોશિયલ મીડિયામાં ફોલોઅર્સ, લાઈક્સ, કોમેન્ટ વધે તે માટે યંગસ્ટર્સ જોખમી સ્ટંટ કરતા પણ અચકાતા નથી. ભણવાની ઉંમરે સોશિયલ મીડિયાના રવાડે ચઢેલા યુવાઓની આંખો ખોલતો કિસ્સો બે દિવસ પહેલાં જુહાપુરામાં આવેલી ફતેહવાડી કેનાલ પાસે બન્યો હતો. ભાડાની સ્કોર્પિયો લઈને રિલ્સ બનાવવા નીકળેલા ત્રણ નવયુવાનો કેનાલમાં ખાબકતાં તેમના મોત થયા છે. આ ઘટના બાદ રીલ્સ લવર્સ પણ સ્તબ્ધ થઈ ગયા છે જ્યારે સરકારી તંત્ર પણ એલર્ટ મોડમાં આવી થયું છે. પોલીસ તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ ભવિષ્યમાં આવી ઘટના ફરી ના બને તે માટે મેદાનમાં ઉતર્યું છે. જોખમી કેનાલ પર પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે જ્યારે કેનાલની બન્નો બાજુ ફેન્સિંગ કે દિવાલ કરવાની વાટાઘાટ ચાલી રહી છે. સામાન્ય રીતે અમદાવાદ-ગાંધીનગર વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલની બન્ને બાજુએ ચાર ફૂટની દિવાલ કરી છે પરંતુ ફતેહવાડી પાસેથી પસાર થતી કેનાલમાં કોઈ દિવાલ બનાવી નથી જેના કારણે આ ઘટના બની છે. રીલ્સ કે લિયે કુછ ભી કરેગા આવું વિચારનારા યંગસ્ટર્સ માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. છેલ્લા બે દિવસથી ફતેહવાડી કેનાલ પાસે માતા પિતા તેમજ સ્વજનોનો ભારે આક્રંદ જોવા મળી રહ્યો છે. માતા-પિતાના આક્રંદ અને હૈયાફાટ રૂદન પાછળનું કારણ નવયુવાનોની રીલ્સબનાવવાનસ લાયમાં હોમાયેલી જિંદગી છે. બુધવારે સાંજે કેટલાક યંગસ્ટર્સ ભાડાની સ્કોર્પિયો લઈને કેનાલ પાસે રીલ્સ બનાવવા માટે ગયા હતા. રીલ્સ બનાવવાની શરૂઆત થાય તે પહેલાં સ્કોર્પિયોમાં યશ, યક્ષ અને ક્રિશ નામના સગીર બેઠા હતા. સગીરથી એકાએક એક્સિલિટર પર પગ મૂકાઈ જતાં સ્કોર્પિયો સીધી કેનાલમાં ખાબકી હતી કેનાલમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી ત્રણેય સગીર તણાયા હતા. ઘટનાની જાણ ફાયરબ્રિગેડ અને પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી ગયા હતા. કેનાલમાં ભારે શોધખોળ બાદ ગઈકાલે યશ અને યક્ષની લાશ મળી આવી હતી જ્યારે ક્રિશની શોધખોળ ચાલી રહી હતી આજે સવારે ક્રિશની લાશ પણ કેનાલમાંથી મળી આવી છે. ટોક ઓફ ધ ટાઉન બનેલી આ ઘટનામાં પોલીસ તેમજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરિશનન એકાએક જાગ્યા છે. ગઈકાલે એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમણે કેનાલની બન્ને બાજુ દિવાલ કરવાની માંગ કરી હતી. પોલીસ પણ આવી ઘટના ફરીથી બને નહીં તે માટે માઈક્રો લેવલનું પ્લાનિંગ કરી રહી છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરિશનની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું છે કે, આ કેનાલ નર્મદા નિગમ હસ્તક આવે છે જેના કારણે તેના ફરતે દિવાલ કરવી કે પછી બીજો કોઈ ઉપાય કરવો તેનો નિર્ણય સંયુકત મીટિંગમાં લેવાશે. આવનારા દિવસોમાં નર્મદા નિગમના અધિકારીઓ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન બેઠક કરશે જેમાં મહત્ત્વના નિર્ણય લેવાશે.

## ગુજરાતી પત્રકાર બિનીત મોદીનું પુસ્તક 'રાજ્યસભામાં ગુજરાત અને ગુજરાતીઓ' પ્રગટ કર્યું






(માનવ જોષી દ્વારા) અમદાવાદ : રાજનીતિ અને તેની સારી નરસી ચાલ એ કોઈપણ દેશના સંચાલનમાં મહત્વપૂર્ણ ભાગ ભજવતી હોય છે ત્યારે તેનું બારીકાઈથી અવલોકન કરનાર પત્રકાર જો આ વિષયને પોતાના પુસ્તકનું વિષયવસ્તુ બનાવે તો એ અચૂક જાણવા અને માણવા લાયક માહિતી હોઈ શકે..

ગુજરાતી પત્રકાર શ્રી બિનીત મોદીએ 'રાજ્યસભામાં ગુજરાત અને ગુજરાતીઓ' નામથી ખૂબ જ રસપ્રદ પુસ્તક સાર્થક પ્રકાશનના માધ્યમથી પ્રકાશિત કર્યું છે. આઝાદી પછી મુંબઈ, સૌરાષ્ટ્ર, કચ્છ માંથી તથા આ સિવાય સમગ્ર ગુજરાતમાંથી ચૂંટાયેલ આશરે ૧૦૦ જેટલા સભ્યોની માહિતી અત્યંત સચોટ અને પ્રમાણિક કલમથી આ પુસ્તકમાં વર્ણવામાં આવી છે. આઝાદી મળ્યા બાદ ૧૯૬૦ થી ૧૯૨૪ સુધી રાજ્યસભામાં કાર્ય કરનાર સભ્યોની કાર્યદક્ષતા અને તેમની વિવિધ શૈલીને રસરંજન સાથે અભિવ્યક્ત કરવામાં આવી છે. પુસ્તકની આ વિશેષતાને માન આપી સુપ્રસિદ્ધ લેખક શ્રી ચંદુ મહેરિયાએ પ્રસ્તાવનામાં પોતાની માર્મિક શૈલીમાં પુસ્તકનો ટૂંકો પરિચય આપ્યો છે. આટલા લાંબા સમયગાળા દરમિયાન બનેલી નાની મોટી ઘટનાઓને દસ્તાવેજ સાથે રજૂ કરવા અને એ પણ આટલા મોટી માત્રામાં ચૂંટાએલ સભ્યોની આટલી ઝીણી કાર્યશૈલીને ઉજાગર કરવી કોઈ નાની સૂની સફળતા નથી.

રાજનીતિમાં રસ ધરાવનાર કોઈપણ અબાલ-વૃદ્ધ માટે આ પુસ્તક તેમના પુસ્તક સંગ્રહનું એક સોહામણું પીંછું બનીને રહેશે એમ કહેવું યથાયોગ્ય છે.. આ સિવાય પણ જો કોઈ રસિકને વિશેષ માહિતી કે પુસ્તક માટે પોતાનો અભિપ્રાય રજૂ કરવો હોય તો લેખક શ્રી કાર્તિક શાહને તેમના મોબાઈલ નંબર (Kartik Shah) +૯૧ ૯૮૨૫૨ ૯૦૭૯૬ પર સંપર્ક કરી શકે છે.

